

ભણવાની ખરેખર કોઈ ઉંમર નથી તે વાતને આજે ખેડબ્રહ્મા નગરપાલિકામાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ વિઠ્ઠલભાઈ મકવાણાએ સાબિત કરી છે તેમણે ચાલુ વર્ષે લેવાઈ રહેલી બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૦ની એકસ સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપી રહ્યા છે. જ્યારે તેમની સાથે તેમની દિકરી ધરતીબેન વિનોદભાઈ મકવાણા પણ ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહી છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# વડગામમાં રીંછનો આતંક

## ૧૬ને ઘાયલ કર્યા વન વિભાગ-પોલીસની દોડધામ

પાલનપુર, તા. ૧૧

વડગામમાં જંગલી પ્રાણી રીંછે આતંક મચાવી નવ જેટલા વ્યક્તિઓને બચકાં ભરી ઘાયલ કરતાં આખા વડગામમાં ભય સાથે અફડાતફડીનો માહોલ સાથે લોકોમાં ભય ફેલાય જવા પામ્યો છે.

વડગામ ખાતે રહેતા નાથીબેન બબાભાઈ તુરી (બારોટ) ઉં.વ. આશરે ૬૦ જેઓ વડગામથી મેમદપુર તરફ જવાના રસ્તા પર આવેલા અર્બુદાનગરની બાજુમાં આવેલા ઘરડીયા અને પાવલા તરીકે ઓળખાતા ભાઠા વિસ્તારમાં બળતણના લાકડાં વિણવા માટે ગયા હતા જ્યાં અચાનક આ હિંસક પ્રાણી રીંછે ઘાતકી હુમલો કરતા વૃદ્ધાએ રાડારાડ મચાવતા આજુબાજુના લોકો ધોકા અને લાકડીઓ લઈને આવી પહોંચતાં આ હિંસક પ્રાણી રીંછ ત્યાંથી નાસી છુટ્યુ હતુ અને વૃદ્ધાને તાત્કાલિક ૧૦૮ વાન દ્વારા વડગામ સી.એસ.સી.માં સારવાર માટે લઈ જઈને સારવાર અપાવી હતી. બાદમાં આ રીંછ વડગામથી વરવાડીયા

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

જવાના રસ્તા પર આવેલા વડગામના લક્ષ્મીપુરામાં ઘસી આવતાં ત્યાં રહેતા પ્રહલાદજી લાવજીજી ઠાકોર ઉં.વ.૩૦, પચાણજી સુરાજી ઠાકોર ઉં.વ.૫૦, જેસંગજી ઠાકોર ઉં.વ.૪૫, રણજીતસિંહ દરબાર, હરચંદજી ઠાકોર, યાસીનખાન કુરેશી તેમજ ચમનભાઈ પટણી પર હૂમલો કરીને ઘાયલ ક્યા હતા. જેના કારણે આખો દિવસ વડગામમાં લોકોમાં ભય સાથે અફડાતફડી મચી ગઈ હતી. લક્ષ્મીપુરામાં બાળકો અને મહિલાઓને ઘરમાં પુરાઈ રહેવું પડ્યું હતું.

આ હિંસક રીંછને પકડવા માટે વરવાડીયાના સરપંચ દ્વારા વડગામ ફોરેસ્ટને જાણ કરવા જતાં ફોન કોઈ રીસીવ ન કરતાં ના છુટકે પાલનપુર ફોરેસ્ટને જાણ કરવામાં આવી હતી. આ હિંસક બનેલ રીંછ ફલંગો લગાવી લક્ષ્મીપુરાથી નાસીને વડગામ મામલતદાર કેરી તેમજ પોલીસ સ્ટેશન થઈને પાલનપુર જવાના રસ્તા પર નાસી છુટ્યું હતું. વડગામ પોલીસનો સ્ટાફ તેમજ ગામના કેટલાક લોકોએ રીંછને પકડવા ભારે જહેમત ઉઠાવી હોવા છતાં સાંજના છ વાગ્યા સુધી હીંસક રીંછ પકડાયુ ન હતું. વન વિભાગના અધિકારીઓને જાણ કરવા છતાં એક પણ અધિકારી ન ફરકતા લોકોમાં વન વિભાગના અધિકારીઓ પ્રત્યે ફિટકાર વરસાવ્યો હતો.

# બનાસકાંઠામાં મહા શિવરાત્રીની ભવ્ય ઉજવણી

પાલનપુર, તા. ૧૧

દેવાધિદેવ ભગવાન ભોળાનાથ દાદાનો મહાશિવરાત્રી મહોત્સવ બનાસકાંઠામાં ભવ્યાતિભવ્ય પાલનપુરના નગરદેવતા પૌરાણિક પાતાળેશ્વર મહાદેવમાં અભિષેક, આરતી, શિવસ્તૃતિ, દર્શન તથા ભાંગનો મહાપ્રસાદ લેવા શિવભક્તોની ઉમટી પડ્યા હતા.

શિવરાત્રી પર્વે વંદેમાતરમ્ યુવા સંલગ્નના પ્રમુખશ્રી સંજય જોષી અને મિત્ર વર્તુળોએ શહેરીજનોને પ્રસાદનું વિતરણ કર્યું હતું.

ભાગ્યોદય સોસાયટીમાં રામેશ્વર મહાદેવની સ્થાપના કરવામાં આવી છે. જે સ્ફટીકનું શિવલિંગ કરવામાં આવ્યું છે. મહા કાલેશ્વર મંદિરેથી શોભાયાગ વેશભૂષા સાથે નીકળી હતી.

બાલારામ મહાદેવ, બાજેડીયા, કેદારનાથ જિલ્લામાંના શિવાલયોમાં મહાશિવરાત્રી આનંદ ઉલ્લાસ સાથે હર્ષોલ્લાસથી ઉજવાઈ હતી.

## અમરાભાઇનાં મુવાડામાં જસ્ને ગોષે આઝમ

દહેગામ, તા. ૧૧

દહેગામ તાલુકાના અમરાભાઈના મુવાડામાં જસ્ને ગોષે આઝમની અગિયારમી શરીફ ગામમાં આવેલ હઝરત બાલાપીરની દરગાહનો સંદેલ શરીફ તા. ૧૨મી માર્ચના શાનો શોકતથી મનાવવામાં આવશે. ખિદમતગાર મુબારક બાપુએ જણાવેલ છે.

## ખેડબ્રહ્મામાં વાલ્મિકી સમાજનો પ્રથમ સમુહ લગ્ન મહોત્સવ યોજાશે

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા સમાજનો જીવનસાથી પરિચય મેળાની સફળતા પછી સાબરકાંઠા જિલ્લા વાલ્મિકી સમાજ આયોજિત પ્રથમ સમુહ લગ્ન મહોત્સવ તા. ૧૯મી મેના રોજ ખેડબ્રહ્મામાં યોજાશે.

સમુહ લગ્ન મહોત્સવને સફળ બનાવવા માટે પ્રમુખ આર.કે. ચૌહાણ મો. ૯૪૨૬૦૬૦૭૧૯ નો સંપર્ક કરવા જણાવેલ છે. ચીફ પેટર્ન ગોરધનભાઇ રાઠોડ અને બી.કે. સોલંકી એ.કે. રાઠોડે જણાવેલ છે.

## લક્ષ્મીપુરામાં શિવરાત્રી પર્વ ઉજવાયું

લક્ષ્મીપુરા, તા. ૧૧

લક્ષ્મીપુરા તા. ખેડબ્રહ્માની ઉત્તરે જૂનુ પૌરાણિક નિલકંઠ મહાદેવનું મંદિર અરવલ્લીની રમણીયતા સમુ શોભી રહ્યું છે. આ શિવરાત્રીના પાવનકારી દિવસનો મહિમા અનેરો છે. ૮૦૦ વર્ષ જૂના આ મંદિરે મહંત છેલ્લા વીસેક વર્ષથી ફળ-દૂધ ઉપર તપસ્યા કરી ભોળાનાથને પ્રસન્ન કરી રહ્યા છે. સાથે-સાથે મૌન પણ ધારણ કરેલ છે. શિવરાત્રીએ આસોપાલવ આંબાના તોરણો તથા લાઈટીંગથી મંદિરને શણગારી ચાર પ્રહર પૂજા તથા ભક્ત મંડળ દ્વારા બમ બમ ભોલેના નાદથી મંદિર પરિસર શિવમય બની ચૂકે છે. ભક્તોને રબડીનો પ્રસાદ ધરાવાય છે તથા આખી રાત ભજન-ધૂનની અહાલેક જગાવી ભક્તો શિવને રિજવે છે. લક્ષ્મીપુરાની દક્ષિણે આગ્નિખૂણામાં ભિમાક્ષી નદિના તટે ભીમનાથ મહાદેવના મંદિરે પણ પૂજા અર્ચના આરાધના કરી શિવ ભક્તો ભોળાનાથને પુષ્પ, બિલિપત્ર અને દૂધની ધારા અર્પણ કરી ભોળાનાથ જગત કલ્યાણકારી શિવને આરાધવાનું ચૂકતા નથી. આ શિવરાત્રી પર્વ નિમિત્તે લક્ષ્મીપુરા ગામના અબાલ-વૃદ્ધ ભક્તજનો બંને મંદિરના શિવના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# ઉત્તર ગુજરાત પંથકમાં ધીમા પગલે ઉનાળાનું આગમન

ડીસા, તા. ૧૧

ઉત્તર ગુજરાતમાં ધીમે પગલે ઉનાળાનું આગમન સાથે ઠંડી વિદાય લઈ રહી છે. સવારના નવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી તડકો અને બફારો વર્તાવા લાગ્યો છે. લોકોને પંખા ચાલુ કરવા પડે તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં ચાલુ સીઝનમાં કડકડતી ઠંડી વચ્ચે વાતાવરણમાં ચઢાવ ઉતાર સર્જાયા કરે છે. ચાલુ સીઝનમાં વાદળછાયા વાતાવરણ અને વરસાદી માહોલ તો વળી ક્યારેક શુક્ત વાતાવરણ સાથે કડકડતી ઠંડીનો પ્રકોપ જેવા વાતાવરણ વચ્ચે ખેતી પાકો પર પણ તેની અસર પડવા પામી હતી ત્યારે કેટલાક દિવસોથી ઠંડીનું પ્રમાણ એકદમ ઓછુ થઈ જવા પામ્યું છે. સવારે નવ વાગ્યા સુધી તડકો પડવા લાગે છે. બપોરે બફારા સાથે ગરમી શરૂ થાય છે જેનું પ્રમાણ સાંજના પાંચેક વાગ્યા સુધી યથાવત રહે છે. ગરમીનું પ્રમાણ પ્રતિદિન વધી રહ્યું છે. એટલે લોકોને પંખા, કુલર, એસી સહિતના ઉપકરણ ચાલુ કરવાની ફરજ પડી રહી છે. તો બીજી તરફ આગામી કાળઝાળ ગરમીને ધ્યાને લઈ વેપારીઓ પણ ધંધા માટેની તૈયારીઓમાં વ્યસ્ત બની ગયા છે. ઠંડા પિણાના સ્ટોલ, શેરડીના કોલા અને તડબૂચ, શક્કર ટેટી, સહિતના સ્ટોલ લાગવા માંડ્યા છે. કેટલીક જગ્યાએ પરબો પણ બનવા લાગી છે. ડીસા શહેરમાં ઉનાળાના આરંભે વિવિધ સ્થળોએ શેરડીના સેન્ટર કાર્યરત થવા લાગ્યા છે. ગરમીને કારણે ગામડામાં લોકો રાયડો અને બટાકાનો પાક લેવા માટે તેમજ બાજરીના વાવેતર માટેની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ગરમી વધતા લોકોએ ગરમ વસ્ત્રોને પણ ગયા વર્ષના વાયદે મુકી દીધા છે.

# ઈલોલ પાસેથી કતલખાને લઈ જવાતા પશુઓને બચાવાયા

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર તાલુકાના ઈલોલ ચોકડી પાસેથી આજે વહેલી સવારે જીપડાલામાં ત્રણ બળદો ભરી કતલખાને લઈ જવાતા હોવાની બાતમી મળતા ગૌવંસ પ્રેમીઓ અને હિંમતનગર રૂરલ પોલીસે જીપડાલાને ઝડપી પાડી ત્રણ બળદોને ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા.

હિંમતનગર ગ્રામ્ય પોલીસને જીપડાલામાં ત્રણ બળદોને કતલખાને લઈ જતા હોવાની બાતમી મળી હતી તેથી ઈલોલ ચોકડી પાસેથી ચેકિંગ દરમિયાન પોલીસે જીપડાલા નં. જીજે-૧૮-વાય-૨૩૨૩ની જડતી લેતા તેમાંથી ત્રણ બળદો પાસ પરમીટ વગરના મળી આવ્યા હતા અને કિરણ પૂનમસિંહ ચાવડા રહે. વાંક, તા. બાયડ, ભરત નગીનભાઈ ચૌહાણ રહે. ડેમાઈ તા. બાયડ, જીતેન્દ્ર ઘનસિંહ ઝાલા રહે. વાંક, તા. બાયડની પશુધારા હેઠળ અટકાયત કરી હતી અને બળદોને ઈડર પાંજરાપોળ ખાતે મોકલી અપાયા હતા.

## તલોદ નગરપાલિકા વોર્ડ નં. ૬ના ચૂંટાયેલા સભ્યોનો સન્માન સમારંભ યોજાયો

તલોદ, તા.૧૧

તલોદ નગરપાલિકાના વોર્ડ નં. ૬માંથી ચૂંટાયેલા તમામ સભ્યોનો તાજેતરમાં સર્વોદય સોસાયટીનો સન્માન સમારંભ તલોદ સ્થિત એક શોપિંગ સેન્ટર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિને ફુલહાર અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

સર્વોદય સોસાયટી દ્વારા આયોજીત આ સન્માન સમારંભમાં વોર્ડ નં. ૬માંથી ચૂંટાયેલા અને પાલિકાના પ્રમુખ તરીકે વરાયેલા પ્રવિણભાઈ પટેલ, મધુબેન જગદીશભાઈ પ્રજાપતિ, નરેન્દ્રસિંહ ગાભુસિંહ સોલંકી અને ઉપેન્દ્રકુમાર કચરાલાલ ગજજરને ફુલહાર પહેરાવી અને મોમેન્ટો આપામાં આવ્યા હતા. બાદમાં નવા વરાયેલા પ્રમુખે તમામ લોકોના પડતર પ્રશ્નો સાંભળવા અને તેમને ન્યાય આપવા આ ટાણે ખાતરી પણ આપી હતી અને પ્રસંગોચિત પ્રવચન પણ આપ્યું હતું. અંતે સર્વોદય સોસાયટીના મંત્રી ગુણવંતભાઈ શાહે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

વાસણા માર્ગ ગૌરવ પથ-૨ ઉપર બનાવવામાં આવેલ બ્લોક છ માસના ટૂંકા ગાળામાં તૂટીને ભૂક્કો થઈ ગયો છે. આથી નગરજનો ભારે પરેશાન થઈ રહ્યા છે. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# ડીસા તાલુકામાં ત્રણ વિવિધ માર્ગ અકસ્માતોમાં ત્રણના કરૂણ મોત

ડીસા તાલુકામાં અકસ્માતોની વણથંભી વણઝાર વચ્ચે ત્રણ વિવિધ અકસ્માતો સર્જાતા ત્રણ વ્યક્તિઓ કરૂણતાએ મોતને ભેટેલ છે. ડીસાનાં જલારામ મંદિર નજીક એક રાહદારી અજાણ્યા વાહન ટરે મોતને ભેંટ્યો હતો. જ્યારે શેરપુરા ગામ પાસે આવેલ રસ્તા પર પસાર થતાં એક રાહદારીને અજાણ્યા વાહને ટર મારતાં ઘટના સ્થળેજ તેમનું મોત થયું હતું. જ્યારે અન્ય અકસ્માતમાં જુની ભીલડી ગામે રહેતા અને પોતાની નવીન મોટર સાયકલને પાર્સિંગ કરાવી પરત ભીલડી જતાં યુવકનું મોટર સાયકલ આખોલ ચાર રસ્તાના અને અકસ્માત ઝોન સમાન ગણાતાં ઓવરબ્રિજ પર મોટર સાયકલ સ્લીપ ખાતા પટકાઈ જવાથી યુવકનું મોત થયું હતું. આ મામલે ત્રણેય મૃતકોનું ડીસા સરકારી હોસ્પીટલમાં પી.એમ. કરવામાં આવ્યું હતું.

આ અંગેની મળતી માહીતી જોતાં ડીસાના જલારામ મંદિર નજીક ગઈકાલે સાંજે પ્રદિપભાઈ જટાશંકરભાઈ દવે ઉ.વર્ષ ૪૫વાળાઓ રોડ પરથી પસાર થતા હતાં તે દરમ્યાન હાઈવે રોડ પરથી કોઈ અજાણ્યા વાહને ટર મારતાં તેઓને ગંભીર ઈજાઓ થઈ હતી. અને સારવાર દરમ્યાન આ રાહદારીનું મોત થયું હતું. જ્યારે શેરપુરા પાસે આવેલા કુવારાપાદર ગામે રહેતાં પ્રતાપજી પદમાજી ભીલ ઉંમર વર્ષ ૪૫ વાળાઓ શેરપુરા રોડ પરથી પસાર થતાં હતાં તેવા સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે ગફલતભર્યા ડ્રાઈવીંગે તેમને ટકકર મારતાં તેઓ રોડ પર પટકાયાં હતા અને ઘટના સ્થળે આ રાહદારીનું કરૂણ મોત થયું હતું. આ મામલે પોલીસે મૃતકની લાશનો કબજો સંભાળી તેનું ડીસાની સરકારી હોસ્પીટલમાં અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

જ્યારે ત્રીજા અન્ય અકસ્માતમાં જુની ભીલડી ખાતે કનુજી ઉમેદજી ઠાકોર ઉમર વર્ષ૨૫ વાળા પોતાની નવી મોટર સાયકલના પાર્સિંગ માટે ભીલડીથી પાલનપુર પહોચ્યા હતાં. જે બાદ તેઓ પોતાની મોટર સાયકલ લઈ પરત ભીલડી જવા નિકળ્યા હતા. જ્યાં ડીસાથી ભીલડી જતાં રોડ પર આખોલ ચાર રસ્તા પાસે આવેલા ઓવરબ્રિજ પર તેમનું મોટર સાયકલ અકસ્માતે સ્લીપ ખાઈ જતાં કનુજી ઠાકોર રોડ પર પટકાયા હતાં.

જેઓને ગંભીર ઈજાઓએ ડીસાની સરકારી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું કરૂણ મોત થયું હતું. આ મામલે ડીસા તાલુકા પોલીસે મૃતકનું પી.એમ. કરાવી ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. આમ ત્રણ વિવિધ અકસ્માતોમાં ત્રણ વ્યક્તિઓ મોતને ભેટતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન